ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# જંત્રીના સર્વે માટે તંત્ર દ્વારા તૈયારીઓ આરંભાઈ

### સર્વે માટે ખાસ ટીમો રચવામાં આવશે તેમજ તાલુકાવાર ડે. કલેક્ટર કક્ષાના અધિકારી નોડલ અધિકારી નિમાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં જંત્રીના સર્વેની કામગીરી માટે હાલ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જંત્રીના સર્વે માટે જરૂરી નકશાઓ અને અન્ય વિગતો વિવિધ વિભાગો પાસેથી મેળવી લેવામાં આવ્યા છે જેથી કોઈ વિસ્તાર સર્વે દરમ્યાન છુટી જાય નહિ

જંત્રીના સર્વે માટે ખાસ ટીમો પણ બનાવવામાં આવનાર છે અને તેમને તાલિમ આપવા સહિતનું આયોજન પણ તૈયાર કરવામાં આવી રહ્યુ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જંત્રીના દર નિયત કરતા પૂર્વે ત્યાંના બજારભાવ અને અન્ય પરિબળોને પણ ધ્યાનમાં લેવામાં આવનાર છે. જંત્રીના દરોમાં વિસંગતતા રહે નહિ તેમજ સરકારને આવક વધુ મળે તે પણ જોવામાં આવશે.

જંત્રીની પ્રથા આમ તો ૧૯૯૮થી અમલમાં આવી છે. આ પછી ૨૦૦૭માં તેનો ફરી સર્વે કરવામાં આવ્યો હતો. જંત્રીના દરો ડબલ કરવાની સરકારે જાહેરાત કર્યા પછી અમલ એપ્રિલ સુધી મોકુફ રાખ્યો છે તે પણ નોંધનીય છે.

જંત્રી માટે તંત્ર દ્વારા હાલ તો સર્વેની કામગીરી સરકારની સૂચનાઓ મુજબ હાથ ધરવામાં આવશે. મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે દરેક તાલુકામાં એક ડે. કલેક્ટર કક્ષાના અધિકારીને નોડલ ઓફિસર તરીકની જવાબદારી સર્વે માટે આપવામાં આવશે. આ ઉપરાંત કર્મચારીઓની ટીમની રચનાનું મોનીટરીંગ પણ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં જંત્રીના સર્વે માટેની પ્રાથમિક તૈયારીઓ પૂરી થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે. સરકારે પણ સર્વેની કામગીરી ચાલુ રખાશે તેવી જાહેરાત કરી દીધી છે. આ સર્વેની કામગીરી એપ્રિલ-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવામાં આવે તે રીતે આખો રોડમેપ તૈયાર કરાશે તેમ જાણવા મળેલ છે.

સચિવાલય કક્ષાએ પણ જંત્રીના સર્વે અંગે બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે. આ સર્વેની વિધિવત્ જાહેરાત પણ ટૂંક સમયમાં જ કરી દેવામાં આવશે તેમ ચિવાલયના સૂત્રો સંકેત આપી રહ્યા છે.

જિલ્લાઓમાંથી સર્વેનો રિપોર્ટ મળી ગયા બાદ રાજય મંત્રીમંડળની બેઠકમાં જંત્રીના દરનો નિર્ણય લેવામાં આવશે તેવા સંકેતો પણ સચિવાલયના સૂત્રો આપી રહ્યા છે.



## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

## દિવ્યાંગ શિષ્યવૃત્તિ સહાય અંતર્ગત ૩૨૦ અરજી મંજૂર કરાઈ છે

### જિલ્લામાં ૩૭૦૭ શિક્ષિત અને શહેરમાં ૨૨૯૧ બેરોજગાર નોંધાયા છે : જિલ્લામાં અર્ધ શિક્ષિત ૬૧૭ અને શહેરમાં ૧૧૪ બેરોજગાર નોંધાયા છે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી સમય જોવા મળતી ઉત્તેજના જોવા મળી ન હતી. આજે પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન રાજકોટના ડૉ. દર્શિતા શાહે પ્રથમ મહિલા ગવર્નર અને કવિયત્રી સરોજની નાયડુની જન્મ જયંતિ નિમિત્તે યાદ કરી શત શત વંદન સાથે ગૃહમાં પ્રથમવાર પ્રશ્ન પુછ્યો હતો.

આજે વિધાનસભા ગૃહમાં ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન શ્રમ રોજગાર, મહિલા બાળ કલ્યાણ અને સામાજિક ન્યાય વિભાગને લગતી પ્રશ્નોત્તરી રજુ થઈ હતી.

- **દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના**

આજે ગૃહમાં ભાજપના દહેગામના ધારાસભ્ય તેમજ માણસાના જે.એસ. પટેલ અને બલરાજસિંહ ચૌહાણે દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના અંગે પ્રશ્ન રજુ કર્યા હતા.

સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીએ પ્રશ્નના જવાબમાં જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ સુધીમાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ૩૨૦ અરજીઓ મળી હતી અને મળેલ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે મંજૂર કરાયેલ લાભાર્થીઓને રૂ. ૫,૩૯,૫૦૦ની શિષ્યવૃત્તિની રકમ ચુકવવામાં આવી છે.

- **આંબેડકર આંતર જ્ઞાતિય લગ્ન સહાય**

ભાજપના કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોરે તેમજ ગાંધીનગર (દ)ના અલ્પેશ ઠાકોરે જિલ્લામાં આંબેડકર આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લા એક જ વર્ષમાં જિલ્લામાં આ યોજના અંતર્ગત ૮૦ અરજીઓ મળી હતી.

મળેલ અરજીઓ પૈકી ૬૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને લાભાર્થીઓને રૂ. ૭૧ લાખની સહાય ચૂકવી આપવામાં આવી છે. હવે કોઈ અરજી તંત્ર પાસે પડતર નથી તેમ પણ મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

- **શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગાર**

કોંગીના શૈલેષ પરમારે ગાંધીનગર શહેર અને જિલ્લામાં શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ જિલ્લામાં ૩૭૦૭ શિક્ષિત અને ગાંધીનગર શહેરમાં ૨૨૯૧ બેરોજગાર નોંધાયેલા છે.

જિલ્લામાં ૬૧૭ અર્ધ શિક્ષિત અને શહેરમાં ૧૧૪ અર્ધ શિક્ષિત બેરોજગાર નોંધાયેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## આજે મનપા સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૨

આજે ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક મળશે. આ બેઠકમાં ગાંધીનગર મનપાના વર્ષ-૨૦૨૩-૨૪ના અંદાજપત્રને આખરી કરવામાં આવશે.

સ્થાયી સમિતિના સભાખંડમાં બપોરે ૧૧.૩૦ વાગે ચેરમેન જસવંતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળશે. આ બેઠકમાં કમિશનરશ્રીએ રજુ કરેલા ડ્રાફ્ટ બજેટ પર ચર્ચા-વિચારણા કરી અને સુધારા-વધારા કરવામાં આવશે. આ પછી બજેટ સામાન્ય સભાની મંજૂરી માટે મોકલવામાં આવશે.

મળતી વિગતો મુજબ સ્થાયી સમિતિના ચેરમેને બજેટ માટે લોકો પાસેથી સૂચનો માંગ્યા હતા અને ૪૪ જેટલા સૂચનો તંત્રને મળ્યા હતા. આ સૂચનો પૈકી કેટલા સૂચનો સ્વીકારવામાં આવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

સ્થાયી સમિતિ પણ આ ડ્રાફ્ટ બજેટમાં કેટલા સુધારા-વધારા કરે છે તે પણ મહત્વનું છે. કમિશનરીએ વેરા દરમાં સુધારા સૂચવ્યા હતા તેમાં સામાન્ય સભામાં ઘટાડો કરાયો હતો જે નોંધનીય છે. હવે સ્થાયી સમિતિ તંત્રને વધુ લોકાભિમુખ બનાવવા કયા કયા પગલાં સૂચવે છે તે મહત્વનું જોવાનું રહેશે.



લાગણીભર્યો લગ્નોત્સવ - પંચદેવના સાનિધ્યમાં મુક-બધિર નવયુવક-યુવતીઓનો સમુહ લગ્ન સંસ્કાર કાર્યક્રમે આંખોમાં હરખના આંસુ લાવી દીધા હતા... ૧૨ નવ યુગલોએ નવા જીવન-મંગલજીવનમાં પગલા પાડ્યા તે પ્રસંગે દાતાઓ પણ વરસી પડ્યા હતા... સમર્પણ મુક-બધિર સંસ્થાના આયોજનને ખોબે-ખોબે સૌ વધાવ્યું...

## ગ્રાન્ટના અભાવે ગ્રાન્ટ ઈન એઈડ શાળાના શિક્ષકોનો પગાર અટક્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાની ૨૫૦ જેટલી પ્રા. શાળા અને ઉચ્ચત્તર માધ્યમિક ગ્રાન્ટ ઈન એઈડ શાળાના કર્મચારીઓ માટે પગારનો પ્રશ્ન ગ્રાન્ટના અભાવે ઉભો થયો છે. મળતી વિગતો પ્રમાણે આ શાળાઓમાં ૨૨૦૦થી વધુ કર્મયોગીઓ ફરજ બજાવી રહ્યા છે. ગ્રાન્ટના અભાવે પગાર અટકી પડતાં આ પરિવારોની હાલત કફોડી બની છે તેમજ તેમનુ બજેટ પણ ખોરવાઈ જવા પામ્યુ છે. મળતી વિગતો પ્રમાણે પગાર માટે ગ્રાન્ટ મેળવવા માટે સરકારના શિક્ષણ વિભાગમાં રજૂઆજ કરવામાં આવી છે. જિલ્લાનાં શિક્ષણ જગતમાં ગ્રાન્ટના અભાવે શિક્ષકો સહિતના કર્મીઓના અટકેલા પગારને લઈ મુદ્દો ટોક ઓફ ધી ડિસ્ટ્રીક્ટ બનીને ઉભરી આવ્યો છે. શિક્ષકોના પરિવારો પણ મોંઘવારીના કારણે હાલાકીમાં મુકાઈ ગયા છે. જિલ્લામાં સામાન્યતઃ દર મહિનાની ૩જી તારીખે શિક્ષણ વિભાગના કર્મીઓનો પગાર થઈ જતો હોય છે. મળતી વિગતો પ્રમાણે અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓની ગ્રાન્ટ વિભાગમાંથી જ ફળવાઈ નહિ આવી હોવાથી આ પ્રશ્ન ઉભો થવા પામ્યો છે.

## ૪૬ દિવસ બાદ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના બે મહિલા દર્દી મળી આવ્યા

### દહેગામ અને કલોલ અર્બનમાંથી ગૃહિણીઓનો રીપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૬ દિવસ બાદ કોરોનાના બે કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

જિલ્લામાં જાન્યુઆરીની ૧૩મીએ એક કેસ નોંધાયા બાદ આજે એક સાથે બે કેસ મળતાં તંત્ર ચોંક્યુ છે. આજે નોંધાયેલ બન્ને કેસ મહિલા દર્દીના હોવાથી પણ તંત્ર ચોંક્યુ છે.

જિલ્લાના દહેગામ શહેરમાંથી ૩૯ વર્ષીય ગૃહીણી અને કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને ગૃહીણી કેવી રીતે સંક્રમિત થઈ છે તેને લઈ તંત્રએ તપાસ હાથ ધરી છે. તંત્રએ આજે મળેલા બે કેસને પગલે ૩૯ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. તંત્રએ મળેલા દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને હોમ આઈસોલેટ કર્યા પછી બન્ને શહેરોમાં સર્વેલન્સ સઘન કરવા માટેની સૂચનાઓ આપી છે.

જિલ્લામાં ૪૬ દિવસ બાદ કોરોનાના મળી આવેલા કેસને પગલે તંત્રએ તંત્રના અધિકારીઓને પણ સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવ્યુ છે. આજે મળેલ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

## બટાકા પકવતા જિલ્લાના ધારાસભ્યો સાથે કૃષિમંત્રી ટૂંકમાં બેઠક કરશે

ગાંધીનગર, તા. ૨

બટાટા ઉત્પાદનના અગ્રેસર જિલ્લાના ધારાસભ્યો સાથે કૃષિમંત્રી રાઘવજી પટેલ ટૂંકમાં જ બેઠક યોજ્યા બાદ સરકાર દ્વારા બટાટા ઉત્પાદકો માટેના રાહત પેકેજની જાહેરાત કરશે.

મળતી વિગતો પ્રમાણે ગઈકાલે રાજયમંત્રી મંડળની બેઠકમાં રાહત પેકેજ અંગેનો સૈદ્ધાંતિક નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે આ અંગેના પેકેજ માટે સરકાર ધારાસભ્યો સાથે વાતચીત કરી પેકેજની તૈયારી કરશે.

સચિવાલયના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ખેડૂતો સીધો લાભ તેમને થાય તે રીતે પેકેજ જાહેર કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. અગાઉ ટ્રાન્સપોર્ટ સબસીડી આપવાની વાત નહિ પણ ૭/૧૨ ના ઉતારાના આધારે ખેડૂતોને સીધી રાહત મળે તેવી માંગ કરવામાં આવી રહી છે.

સરકારના પેકેજનો ફાયદો અન્ય કોઈને નહિ પણ ખેડૂતોને સીધો મળે તેને લઈ ધારાસભ્યો પણ દબાણ કરી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં બટાકાનું વાવેતર ૧૫ હજારથી વધુ હેક્ટરમાં થયુ છે અને ખેડૂતોની હાલત બજારમાં ભાવ નહિ મળતાં કફોડી બની હોવાના અહેવાલો અખબારોમાં પ્રગટ થયા હતા તેમજ વિધાનસભા ગૃહની હાલ બેઠક ચાલુ છે તેમાં પણ આ મુદ્દે રજુઆતો કરવામાં આવી હતી જે નોંધનીય છે.

## જિલ્લામાં ચૂંટણીના મતદાન મથકોના પુનઃ ગઠન સહિતની કામગીરી હાથ ધરાઈ

### મતદાર યાદીના છેલ્લી યાદીને ધ્યાને લઈ આ પુનઃ ગઠન કરવામાં આવશે : ગઠનની હાથ ધરાયેલ કામગીરી અતિ મહત્વની ગણવામાં આવી રહી છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં મતદાન મથકોના પુનઃ ગઠન અને સ્થળ ફેરફાર અંગેની કવાયતો હાથ ધરવામાં આવી છે. આ કવાયત એપ્રિલ-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરી દેવા માટે જણાવવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

આગામી એપ્રિલ-મે માં યોજાનાર લોકસભાની ચૂંટણી પહેલાં પંચ દ્વારા આ કવાયત હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે સ્થળાંતરિત થયેલા મતદારો તેમજ જે મતદાન મથકમાં નિયત મર્યાદા કરતાં ઓછા મતદારો હોય તો તે મતદાન મથકોનું પુનઃ ગઠન કરવામાં આવશે. મતદાર યાદીના છેલ્લી યાદીને ધ્યાને લઈ આ પુનઃ ગઠન કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

પંચે મતદારયાદી હવે ચાર તબક્કે પ્રસિદ્ધ કરવાનો કરેલા નિર્ણય બાદ મતદાન મથકોના ગઠનની હાથ ધરાયેલ કામગીરી અતિ મહત્વની ગણવામાં આવી રહી છે.

ચૂંટણીપંચના મતદાન મથકો કેટલાક જર્જરિત પણ થયા છે અને કેટલાક સંકુલો તોડી નવા બન્યા છે ત્યારે નવા મતદાન મથકો નીમ કરવાની કાર્યવાહી વધુ મહત્વની છે.

વિધાનસભાની ચૂંટણીમાં મતદાર જાગૃતિ અભિયાન પછી પણ સરેરાશ મતદાન કરતાં ઓછુ મતદાન નોંધાયાની વાતને લઈ પંચ દ્વારા તપાસ કરવામાં આવતાં મતદારોનું સ્થળાંતર થયાનું પણ સામે આવ્યુ હતુ.

આ પછી તંત્રએ હવે નવા મતદાન મથકો નીમ કરવા ઉપરાંત નવા વિકાસ પામેલા વિસ્તારોમાં નવા મતદાન મથકો ઉભા કરવા સહિતની આ કામગીરી હાથ ધરી છે. પહેલા તબક્કે વસ્તીનો વ્યાપ તેમજ વિકાસ અને જુના મતદાન મથકોમાં ક્યાં ક્યાં ફેરફાર કરવા યોગ્ય છે તે અંગેની વિગતવાર દરખાસ્તો તૈયાર કરાશે આ પછી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં નવા મતદાન મથકોના પુનઃગઠનની કામગીરીને હાલ અગ્રતા આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## નાગરિક કો.ઓ. બેંકની ચુંટણી પ્રક્રીયા હજુ ગુંચવણમાં : વહીવટદાર નિમાવાની સંભાવના

### ગાંધીનગર નાગરિક બેંકની ચુંટણીનુ કોકડુ લાંબા સમયથી ગુંચવાયેલુ : જિલ્લા રજીસ્ટ્રાર કાયદા પ્રમાણે કાર્યવાહી કરી શકશે : હાઇકોર્ટ

ગાંધીનગર તા ૨

ગાંધીનગર નાગરિક બેંકની ચુંટણી યોજવાના મામલે છેલ્લા એક મહીનાથી કોકડુ ગુંચવાયેલુ છે. ગત મહીનામાં બેંકના બોર્ડ ઓફ ડાયરેકટર્સની ચુંટણી યોજવાની જાહેરાત કરી દેવામાં આવી હતી જયારે ચુંટણી જાહેર થતા જ ચુંટણી પ્રક્રીયાની પારદર્શકતા સહીતના મુદે સવાલો મંડરાતા ચુંટણી પ્રક્રીયા પર મનાઇ હુકમ આપવામાં આવ્યો હતો. જયારે આ મામલે બેંકના બે પુર્વ ડિરેકટર દ્વારા હાઈકોર્ટમાં વહીવટદાર મુકવા માટે દાદ માંગવામાં આવી હતી જો કે હાઈકોર્ટે કસ્ટોડિયન મુકવા માટે જિલ્લા રજીસ્ટ્રારને કાયદા મુજબ સત્તા આપવામાં આવી હોવાનુ પણ આદેશમાં જણાંવ્યુ છે જેથી આગામી દિવસોમાં ગાંધીનગર નાગરિક બેંકમાં રજીસ્ટ્રાર દ્વારા કસ્ટોડિયન મુકવામાં આવે તેવી પણ પ્રબળ સંભાવના છે.

ગાંધીનગર નાગરિક બેંકની ચુંટણીનો મામલો છેલ્લા ઘણાં સમયથી ગુંચવાયેલો છે. એકબાજુ નાગરિક બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચુંટણી જાહેર કરવામાં આવી હતી ગત ફેબ્રુઆરી મહીનામાં ચુંટણીની જાહેરાત કરી દેવામાં આવી હતી.

જયારે ચુંટણીની જાહેરાત થતા જ વિવાદ ભડકયો હતો. ચુંટણી પ્રક્રીયા સામે જ સવાલો મંડરાતા આખરે મામલો બોર્ડ ઓફ નોમિનીઝમાં પહોંચ્યો હતો. જયારે આ દરમિયાન ચુંટણી પ્રક્રીયાને અનુલક્ષી મનાઇ હુકમ પણ આપવામાં આવ્યો હતો ચુંટણીમાં મતદાર યાદી તેમજ અમુક વર્ષથી વધુ સમય માટે એક જ બોર્ડ ઓફ ડિરેકટર્સ ચુંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે નહી સહીતની બાબતોને ધ્યાનમાં રાખી રીઝર્વ બેંકના નિયમોનુ પાલન કરવા સહીતના મુદ્દાઓ પણ ઉપસ્થિત થયા હતા.

જો કે આ નાગરિક બેંકની ચુંટણીનુ કોકડુ લાંબા સમયથી ગુંચવાયુ છે. જયારે ચુંટણી પ્રક્રીયા પર રોક લગાવી કસ્ટોડીયન નિમવા માટેની અરજી પણ જિલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં કરવામાં આવી હતી. બેંકના બે પુર્વ ડિરેક્ટર દ્વારા પણ હાઈકોર્ટમાં

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના ગ-માર્ગ પર વચાળે જ ગાબડુ વાહનચાલકો માટે જોખમી

### માર્ગ આસપાસ નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓનુ ટ્રીમીંગ પણ કરાયુ નથી

ગાંધીનગર તા ૨

ગાંધીનગરના સેકટરોમાં આંતરિક વિસ્તારો ખુંદાયેલા છે. સેકટરોના આંતરિક માર્ગો પર બુલડોઝર ફરી વળતા ઠેર ઠેર ડામર માટીના ઢગ જોવા મળે છે. સેકટરવાસીઓ પણ આ સ્થિતિ વચ્ચે ત્રાહીમામ પોકારી ગયા છે. શહેરના ગ માર્ગ પર સે- ૩ : ૪ નજીક પણ માર્ગ વચાળે ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ છે. હાલ આ ગાબડાને ઢાંકવા માટે વૃક્ષોની ડાળીઓ મુકી દેવામાં આવી છે ટ્રાફિકથી ધમધમતા આ માર્ગ પર વચાળે જ જોખમી સ્થિતિ સર્જાતા ગમે ત્યારે માર્ગ અકસ્માત સર્જાય તેવી દહેશત પણ પ્રબળ બની છે. ત્વરિત અસરથી ગાબડુ પુરવા માટે સ્થાનિકોએ રજુઆત કરી છે.

ગાંધીનગરના સેકટરોમાં હાલ ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ



છે જેના લીધે સેકટરવાસીઓ ત્રાહીમામ છે. શહેરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા ઉપરાંત સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનુ બાકી કામ પુર્ણ કરવા માટે સેકટરોના આંતરિક માર્ગો પણ ખુંદી નાંખવામાં આવ્યા છે. સેકટરોના આંતરિક માર્ગો પર બુલડોઝર ફેરવી દેવાતા ઘણાં ઠેકાણે માર્ગો પર ધુળના ઢગલા જોવા મળે છે. ખાડા ટેકરાની આ સ્થિતિ વચ્ચે સ્થાનિકો પણ સતત ઉડતી ધુળના લીધે પરેશાન છે. આ સ્થિતિ વચ્ચે રહીશોના આરોગ્ય પર વિપરિત અસર થઈ રહી છે. સેકટરવાસીઓએ રસ્તા ખોદવાની આ કાર્યપધ્ધતિ સામે પણ ઉગ્ર વિરોધ વ્યકત કર્યો છે. જયારે શહેરના મુખ્યમાર્ગો પર પણ ઘણીવાર જોખમી દ્રશ્યો જોવા મળે છે. જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાય છે. નગરના ગ માર્ગને સિકલેન કરવાનુ કામ લાંબા સમયના અંતે પુર્ણ થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર


સાતમી પુણ્યતિથિએ
ભાવાંજલિ



સ્વ. યશવંતરાય બી. ભટ્ટ
સ્વર્ગવાસ તા. ૩/૩/૨૦૧૬

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દમાં સમાતી નથી,
હર હંમેશ હેતની લાગણી સહેજે વિસરાતી નથી,
આપના સ્નેહની સુગંધ સર્વક્ષ પ્રસરતી રહેશે.
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લી.
ગં.સ્વ. ઉર્મિલાબેન વાય. ભટ્ટ
રૂપલ કમલેશભાઈ દવે - રિદ્ધિ-હાર્દિકકુમાર
જિજ્ઞાસા સુકેતુભાઈ મહેતા - નિધિ-નિલકુમાર
દિપલ સમિરભાઈ નાણાવટી
કોશા - નિસર્ગ



પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ.અંબાલાલ છબાભાઇ પટેલ
સ્વ.તા.૦૩-૦૩-૨૦૨૨

આપની દીર્ઘ દ્રુષ્ટી આપનું સાદગી ભર્યું જીવન,
ઉચ્ચ વિચારો, લાગણી શીલતા અમો જીવનભર ભુલશુ નહીં
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.
હીરાબેન અંબાલાલ પટેલ (પત્ની)
નરેશ અંબાલાલ પટેલ (મો. ૯૪૨૬૫૮૬૧૬૫) પન્નાબેન નરેશભાઇ પટેલ
માતુલ નરેશભાઇ પટેલ જુહી માતુલ પટેલ
હંસલ નરેશ પટેલ સાધનાબેન પટેલ
અલ્કેશકુમાર વી. અમીન ધર્મિબેન એ. અમીન
હિમાની (પૌત્રી)


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com